**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૩ ઓકટોબર ૨૦૧૧**

## રામ નાઈકને 'મરાઠી-દ્વેષી' કહેવા બદલ
## મનસેના શિરીષ પારકરે ન્યાયાલય માં બીનશરતી માફી માંગી

**મુંબઈ,ગુરૂવાર :** ભાજપ નેતા રામ નાઈક ને 'મરાઠી-દ્વેષી' કહેવા બદલ મનસેના મહામંત્રી શ્રી શિરીષ પારકરે આજે ન્યાયાલયમાં બિનશરતી માફી માંગી હતી. શ્રી પારકરે શ્રી રામ નાઈકને મરાઠી-દ્વેષી કહી બદનામ કરવા બદલ તેમની વિરૂધ્ધ શ્રી રામ નાઈકે દાખલ કરેલ માનહાની નો દાવો મહાનગર દંડાધિકારી ન્યાયાલય ક્ર.૧૭ ના ન્યાયમૂર્તી શ્રીમતી સુરેખા અભય સિન્હા એ નિકાલ માટે રજૂ કર્યો હતો. ઍડ. જય પ્રકાશ મિશ્રાએ શ્રી રામ નાઈકનો પક્ષ રજૂ કર્યો હતો.

વિધાનસભા ચૂંટણી વેળાં ૧ ઓકટોબર ૨૦૦૯ ના 'આઈબીએન લોકમત' પર શ્રી નિખીલ વાગળે ના 'આજચા સવાલ' કાર્યક્રમમાં શ્રી પારકરે ભાજપ નેતા શ્રી રામ નાઈક પર વ્યકતીગત ટીકાસ્ત્રો ફેંકયા હતા. તેવેળાં "શ્રી રામ નાઈક મરાઠી દ્વેષી છે" તેવો સાવ ઉઘાડો હીણો આરોપ શ્રી પારકરે કર્યો હતો. તેટલે થી ન અટકતા પણ વધુમાં "શ્રી રામ નાઈક કેન્સર થી પીડાઈ રહ્યાં છે. દર ત્રણ મહિને તેમને લોહી બદલવું પડે છે" , આવા તદ્દન જૂઠાં વિધાનો શ્રી પારકરે તે વેળાં કર્યા હતા. આ વકતવ્ય થી પોતાની બદનામી થઈ હોવાથી તાત્કાલીક માફી માગવી નહીતર ન્યાયાલયમાં દાવો કરવાની ચેતવણી શ્રી રામ નાઈકે શ્રી પારકરને તરત બીજા જ દિવસે આપી હતી. પણ શ્રી પારકરે ઉધ્ધતાઈપૂર્વક તે તરફ આંખઆડા કાન કર્યા હતા. તેથી શ્રી રામ નાઈકે ન્યાયલયમાં માનહાની નો દાવો કરતી અર્જી દાખલ કરી હતી. માનહાની નો ખટલો પાછલું આખું વર્ષ ન્યાયાલયમાં ચાલૂ હતો. આ ખટલા ની હાલ સૂધી દસ સૂનાવણીઓ થઈ પરંતુ તેમાંથી આજનો અપવાદ બાદ કરતા એક પણ સુનાવણી માટે શ્રી પારકર હાજર પણ થયા નહીં. આખરે ૧૫ સપ્ટેંબર ના થયેલ પાછલી સુનાવણી વેળાં શ્રી પારકર ના વકીલ ઍડ. શીવાજી ચૌગુલે એ શ્રી પારકર આવતી સુનાવણી વેળાં હાજર રહેશે તેવું આશ્વાસન આપ્યું હતું.

આજની સુનાવણીનાં અંતે શ્રી શિરીષ પારકરે શ્રી રામ નાઈકને મરાઠી-દ્વેષી કહેવા બદલ બીન શરતી માફી માંગી હતી. તેટલું જનહીં પણ તેમની માંદગી બાબતે જુઠાણાં વકતવ્યો કરવા બદલ લેખીત દિલગીરી વ્યકત કરેલ છે. તેથી માનહાની નો ખટલો પાછો ખેંચવા બાબતે કંઈ વાંધો નહોવાનું શ્રી રામ નાઈકે ન્યાયાલયને જણાવ્યું હતું.

"શ્રી કૃષ્ણ એ ભગવદ્ગીતા માં કહ્યું છે તદ્નૂસાર સજ્જન માણસને બદનામી તે મરણ કરતાંએ વધુ દુઃખદાયક લાગતી હોય છે માટેજ ફકત મેં આ ખટલો દાખલ કર્યો હતો. શ્રી પારકરે ક્ષમા માગવાથી હું કેસ પાછો ખેંચૂં છું", આ મુજબની પ્રતિક્રિયા શ્રી રામ નાઈકે આપી હતી.

**(કાર્યાલય સચિવ)**